## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




હજુ તો અમે 'નાગરિકતા' સુધારણનો કાયદો લાવ્યા છીએ ત્યાં તમે આટલા અકળાવ છો... હજુ તો અમે 'નાગરિક' સુધારણાનો કાયદો પણ લાવવાના છીએ...!!!

# દહેગામના જલુન્દ્રામાંથી નકલી ઘી બનાવતી ફેકટરી ઝડપાઈ

## એલસીબી-૨ પોલીસે ફેકટરીમાંથી નકલી ઘીનો જથ્થો, મશીનરી મળી કુલ રૂ.૭,૪૧,૬૧૫ નો મુદ્દામાલ જપ્ત કર્યો

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકના મોટા જલુન્દ્રા ગામની સીમમાં આવેલા પ્લોટ નં.એ-૨૦૩ ખાતે પતરાના શેડ નીચે નકલી ઘી બનાવતી ફેકટરી એલસીબી-૨ પોલીસે પકડી પાડી છે. નકલી ઘી બનાવતી ફેકટરીમાંથી સીયા બ્રાન્ડ તેમજ નામ વગરનું ૧૪૫૦ કિલો નકલી ઘીનો જથ્થો પકડી પાડ્યો છે. પોલીસે નકલી ઘી તેમજ મશીનરી સહિત કુલ રૂ. ૭,૪૧,૬૧૫ નો મુદ્દામાલ પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ એલસીબી-૨ પોલીસ મથકના પીએસઆઈ પી.એન.પઢીયાર પોતાની ટીમના જવાનો સાથે દહેગામ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન બાતમી મળી હતી કે અમદાવાદ નરોડા પાટીયા વિસ્તારમાં સીટી સેન્ટર જી.૧૦૫ ખાતે રહેતો રાકેશકુમાર ધીરજલાલ આચાર્ય (ઠક્કર) દહેગામ નજીક આવેલા મોટા જલુન્દ્રા ગામની સીમ ખાતે ખુલ્લા પ્લોટમાં પતરાના શેડ નીચે નકલી ઘી બનાવતી ફેકટરી ધમધમી રહી છે. જેને પગલે એલસીબી પોલીસે સ્થળ પર જઈને રેઈડ કરતા નકલી ઘી બનાવવાની પ્રોસેસ ચાલી રહી હતી. જેને પગલે પોલીસે પ્રોસેસીગની કામગીરી અટકાવીને એફએસએલના અધિકારીને જાણ કરતા જી.બી.દરબાર તેમજ ફુડ એન્ડ ડ્રગ્સના આશાબેન સોઢા આવી પહોંચ્યા હતા.અંતરંગ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ વનસ્પતિ ઘી તેમજ પામોલીન તેલમાં એસેન્સ નાખીને ઘી તૈયાર કરવામાં આવતું હતું. એસેન્સ નાંખીને પ્રક્રિયા કરવામાં આવતા નકલી ઘી ની સુગંધ એટલી જોરદાર આવતી હતી કે શુધ્ધ ઘી જેવું જ નકલી ઘી લાગે. ત્યારે શેડ નીચે પડેલા જુદી-જુદી બ્રાન્ડ અને બ્રાન્ડ વિનાના ઘી તેમજ ઘી ને પ્રોસેસ કરવા માટેના ફુડ ફલેવર સહિતના નમુના એકઠા કરીને તપાસઅર્થે કબ્જે કર્યા હતા. ત્યારે ઉલ્લેખનીય છે કે દિલાળી ટાણે દહેગામ જીઆઈડીસી ખાતે નકલી ઘી બનાવતી ફેકટરી ઝડપાતા જલુન્દ્રા ગામની સીમમાં નકલી ઘી બનાવતી ફેકટરી ખોલી હતી. એફએસએલ અને ફુડ એન્ડ ડ્રગ વિભાગનો રીપોર્ટ આવે ત્યાં સુધી દહેગામ પોલીસ મથકમાં જાણવાજોગ નોંધ કરાઈ છે.



# સીંગતેલના ભાવમાં વધારો

ગાંધીનગર, તા.૨૩

ઘણા સમયથી વિવિધ ખાદ્ય ચીજવસ્તુઓના ભાવમાં સતત વધારો ઘટાડો જોવા મળી રહ્યો છે. ડુંગળીના ભાવ ૨૦૦ રૂપિયે કિલોએ પહોંચી હજી પણ ૧૦૦ થી ૧૨૦ રૂપિયે કિલો છે ત્યારે સીંગતેલના તથા કપાસિયા તેલના ભાવમાં પણ વધારો થઈ ગયો છે. જેથી શહેરની ગૃહિણીઓ ચિંતામાં મુકાઈ છે. શહેરમાં કપાસીયા ટીનના ભાવ ૧૪૦૦ થી ૧૪૩૦ સુધી પહોંચ્યા છે જયારે સીંગતેલ ૧૦ કિગ્રાનો ભાવ ૧૧૦૦ તથા ટીનના ભાવ લગભગ ૧૮૬૦ થી ૧૯૦૦ રૂપિયા થઈ ગયો છે. ચાલુ વર્ષે મગફળીના ઉત્પાદનના આંકડાને ધ્યાનમાં લઈએ તો ભાવમાં ઘટાડો થવો જોઈએ તે જગ્યાએ ભાવ વધી રહ્યા છે. લગભગ પાછલા દિવસોમાં આ ભાવ વધારો નોંધાયો છે. હવે જોવું રહ્યું કે ગૃહિણીઓના બજેટ મુજબ તેલની ખરીદી થાય છે કે કેમ?



સમસ્ત મીર મુસ્લીમ સમાજ સેવા ટ્રસ્ટ અમદાવાદ દ્વારા તાજેતરમાં અમદાવાદ ખાતે યોજાયેલ એક કાર્યક્રમમાં સમૂહલગ્ન તેમજ વિવિધ ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિઓ હાંસલ કરનાર વિદ્યાર્થી-વિદ્યાર્થિનીને સન્માનવામાં આવ્યા હતા. ડભોડાની દિકરી સુજન પ્રવિણભાઈ મીરનું પણ ધો. ૧૨માં ૯૦ ટકા કરતાં વધુ પર્સન્ટાઈલ મેળવવા બદલ સન્માન કરવામાં આવ્યુ હતુ.

# કેટરર્સ પેઢીના ભાગીદારોમાં ડખો

## એક ભાગીદારે અન્ય બે ભાગીદાર સામે રૂ.૩૬.૪૬ની ઉચાપતની ફરીયાદ નોંધાવી

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર શહેરમાં સરકારી કચેરીઓના લાખો રૂપીયાના કેટરીંગના ઓર્ડર કરતી પેઢીના ભાગીદારો વચ્ચે ડખો સર્જાતા મામલો પોલીસ મથકે પહોંચ્યો છે. પેઢીના ત્રણ ભાગીદારમાંથી એક ભાગીદારે અન્ય બે ભાગીદાર સામે લાખો રૂપીયાના ઓર્ડર લઈ રૂ.૩૬,૪૬,૦૯૦ની ઉચાપતની ફરીયાદ નોંધાઈ છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ શહેરના સેકટર-૨૬માં રહેતા હિરેન્દ્રસિંહ સોમસિંહ વાઘેલા સેકટર-૨૮ જીઆઈડીસી ખાતે આવેલી અક્ષર કેટરર્સ એન્ડ ડેકોરેશન નામની પેઢીમાં ભાગીદાર છે. જેમાં બીજા અન્ય બે ભાગીદાર રમેશ કાંતિલાલ પટેલ (રહે. પ્લોટ નં. ૩૧૨ સુમુખ એપાર્ટમેન્ટ સે-૨૩) તેમજ રાજેશ વસંતભાઈ સોની ( રહે. પ્લોટ નં. ૧૦૬ ગ્રીનસીટી સે-૨૬) છે. છેલ્લા કેટલાક સમયથી રાજેશભાઈ અને રમેશભાઈ બંન્ને અક્ષર કેટરર્સ ચલાવતા હતા. જેમાં વર્ષ ૨૦૧૬ થી ફરીયાદી ભાગીદાર બનતા રૂ.૧૦૦ ના સ્ટેમ્પ પેપર પર લખાણ કરાયું હતું. ફરીયાદીના આક્ષેપ મુજબ પેઢીના બેંક ખાતામાં ઓર્ડરના રૂપીયા જમા થતા હતા. બંન્ને ભાગીદારો નફો કે નુકશાનનો જે હિસાબ આપે તેના પર તેઓ વિશ્વાસ રાખતા હતા. ઓગસ્ટ માસમાં બેંકના મેનેજરનો ફરીયાદી પર ફોન આવ્યો હતો કે ખાતુ કેમ બંધ કરાવવા માંગો છો તેમ પુછતા ફરીયાદીએ પોતે આ પ્રકારની કોઈ અરજી આપી ન હોવાનું કહ્યું હતું. જેને પગલે શંકા જતા ફરીયાદીએ બેંકમાં જઈ તપાસ કરતા ટેન્ડર માટે અગાઉથી કોરા લેટરપેડ પર ત્રણેયની સહીઓ કરેલી હતી. જેના પર બેંકનું એકાઉન્ટ બંધ કરવાની અરજી કરાઈ હતી. જેથી ફરીયાદીએ તપાસ કરતા સરકારી અને પ્રાઈવેટ સહિતના અનેક ઓર્ડર પેઢીના નામે મળ્યા હતા. અને તે ઓર્ડરના રૂપીયા પેઢીના ખાતામાં જમા થયા ન હતા. જેને પગલે ફરીયાદીએ ઓફિસે જઈ બંન્ને ભાગીદારને પુછતા તેઓ કંઈ જવાબ આપ્યો ન હતો. ફરીયાદીના આક્ષેપ મુજબ બંન્ને ભાગીદારોએ તમારાથી જે થાય તે કરી લેજો રૂપીયા અમારી પાસે આવી ગયા છે. આપણે ભાગીદારમાંથી છુટા છીએ કોઈ હિસાબ લેવા આવતા નહી, નહીતર જીવતા નહી રાખીએ જેવી ધમકી ઓ આપતા ફરીયાદી હિતેન્દ્રસિંહ વાઘેલાએ બંન્ને ભાગીદારો રમેશભાઈ અને રાજેશભાઈ સામે છેતરપિંડી, વિશ્વાસઘાત, ઉચાપત સહિત મોતની ધમકીની ફરીયાદ આપતા પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# દહેગામ ખાતે ટીબીના રોગ વિશે માહિતી આપતો વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા. ૨૩

શહેરમાં અનેક સેવાકાર્યો સાથે વિવિધ હેલ્થ ચેકઅપ તથા માર્ગદર્શન કેમ્પ થતા રહે છે. ત્યારે જિલ્લા ક્ષય કેન્દ્ર દ્વારા દહેગામ મેડિકલ એસોસિએશનના સહયોગથી ખાનગી મેડિકલ સ્ટોરના સભ્યોને ટીબીના રોગ વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા.

દહેગામ તાલુકાના તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. આર.કે. પટેલના અધ્યક્ષસ્થાને તા. ૨૩ ડિસેમ્બરના રોજ ટીબીના રોગ અંગેની માહિતી આપતો વર્કશોપ યોજાયો હતો. આ વર્કશોપનો મુખ્ય હેતુ પ્રાઈવેટ મેડિકલ સ્ટોર દ્વારા ટીબીની દવાનુ વેચાણ થઈ રહ્યુ છે પરંતુ સીડ્યુલ એચ-૧ રજીસ્ટર મેડિકલ સ્ટોરમાં નિભાવવામાં આવતા નથી. જે અંતર્ગત માહિતગાર કરવાનો હતો. ઉલ્લેખનીય છે કે ભારત સરકારના નોટીફીકેશન એક્ટ મુજબ ટીબીની દવાના વેચાણની સરકારને સીડ્યુલ એચ-વન રજીસ્ટર-૧૨ દ્વારા જાણ કરવાની જોગવાઈ થઈ છે. પરંતુ કેટલાક મેડિકલ સ્ટોર દ્વારા આ રજીસ્ટર નિભાવવામાં આવતા નથી. જો આ રીતે દવાનુ વેચાણની જાણ કરવામાં ન આવે તો મેડિકલ સ્ટોર સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તેમ જણાવાયુ હતુ. આ કાર્યક્રમમાં જિલ્લાકીય કેન્દ્ર ખાતેથી કેયુર જયસ્વાલ, ચેતન ઠાકોર ખાસ ઉપસ્થિત રહ્યા હતા તથા દહેગામ તાલુકાના ૨૫ થી વધુ મેડિકલ સભ્યોએ હાજરી આપી હતી.

# યુવતિની હત્યા કરવાના કેસમાં આરોપીને આજીવન કેદની સજા

## રાજસ્થાનની યુવતિને ભગાડીને ગાંધીનગર નજીક દંતાલી પાસે કેનાલમાં ધકકો મારી દીધો હતો

ગાંધીનગર તા ૨૩

ગાંધીનગર તાલુકાના દંતાલી ગામ નજીક પ્રેમિકાને કેનાલમાં ફેંકી દઈને હત્યા કરવાના કેસમાં ગાંધીનગર કાર્ટે આરોપીને આજીવન કેદની સજા ભોગવવા આદેશ કર્યો છે.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર સુરતના કામરેજ ખાતે રહેતા અલ્પેશકુમાર લખારામજી મેઘવાલની બહેન ગુડીયા તેમના વતન રાજસ્થાનના રાજપુરીયા ખાતે રહેતી હતી. અમદાવાદ આંગણજ પાસે રહેતા અને મુળ રાજસ્થાનના શિરોહીનો યુવક છગન કનૈયાલાલ મારવાડી સાથે પ્રેમ સંબંધ હતા. ગત તા ૧૦ ઓગષ્ટ ૨૦૧૭ ના રોજ યુવક ગુડિયાને બાઈક પર રાજસ્થાનથી અમદાવાદ લઈ આવ્યો હતો. જેમાં તે ઓગણજ , ગોતા અને અલગ અલગ વિસ્તારોમાં ગુડીયાને ફેરવતો હતો. જયારે ફરતા ફરતા તેઓ ગાંધીનગર નજીક દંતાલી પાસે નર્મદા કેનાલ આવ્યા હતા. આ સમયે ગુડીયાએ ઘરે જવાની જીદ કરતા બન્ને વચ્ચે ઝઘડો થયો હતો. આ દરમિયાન છગન તેને કેનાલમાં ધક્કો મારીને નાસી ગયો હતો. જયારે આ બનાવ સંદર્ભે યુવતિના ભાઈની ફરિયાદના આધારે અડાલજ પોલીસ સ્ટેશનમાં છગન મારવાડી સામે હત્યાનો ગુન્હો નોંધાયો હતો.આ કેસ ગાંધીનગરની બીજા એડિશ્નલ ડિસ્ટ્રીકટ જજ એસ એન સોલંકીની કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ તરીકે પી ડી વ્યાસે દલીલો કરી હતી. આરોપીને સખતમાં સખત સજા કરવા કોર્ટ સમક્ષ રજુઆત કરી હતી. આરોપી છગન મારવાડીને હત્યાના કેસમાં કસુરવાર ઠેરવી આજીવન કેદની સજા ભોગવવા કાર્ટે આદેશ કર્યો હતો. આ ઉપરાંત કોર્ટે આરોપીને પાંચ હજારનો દંડ ભોગવવા હુકમ કર્યો છે.




વ્યવસ્થા પછીની જાળવણીનો આપણે ત્યાં ઘણો અભાવ જોવા મળે છે. આ તસવીર એની સાક્ષી છે. સૅક્ટર-૨૦ના ચર્ચ પાસેનું દિશાસૂચક બૉર્ડ છેલ્લા ઘણા સમયથી ખાટ ખાઈ ગયું છે, જેની દરકાર કે મરામત કરનાર હજુ સુધી કોઈ મળ્યું નથી. ક્રિસમસ આવી રહી છે ત્યારે તો કમ-સે-કમ ચર્ચની દિશા સૂચવતું આ બૉર્ડ નવિનીકરણ પામે એવી લાગણી શહેરીજનો રાખે તો એ અસ્થાને નથી.

# ૧૦ ટકાની વ્યાજની લાલચમાં સરગાસણના આધેડ છેતરાયા

ગાંધીનગર, તા.૨૩

ન્યુ ગાંધીનગરના સરગાસણ વિસ્તારમાં રહેતા આધેડ વયના નાગરીકને ખાનગી કંપનીમાં રોકાણ બાદ બે માસમાં ૧૦ ટકાના વ્યાજે પૈસા પરત આપવાની લાલચ આપી ગઠીયાએ રૂ.૫.૫૪ લાખની છેતરપિંડી કરી છે. બનાવ અંગે સરગાસણના આધેડે બે શખ્સો સામે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ સરગાસણની રત્નરાજ રેસીડન્સીમાં રહેતા ગુરન્દરજીતસિંઘ હરચરણસિંગ સન્ધુ (૫૦ વર્ષ) ઈન્સ્યોરન્સ સર્વેયર તરીકે કામ કરે છે. છ માસ પહેલા તેમના પર તેજસસીંગ નામના શખ્સનો ફોન આવ્યો હતો . તેણે જી.એમ.ટેકનોલોજી નામની કંપનીમાં રૂપીયા રોકાણ અંગે વાત કરી હતી.ત્યારબાદ ફરીયાદીએ પોતાનું મેઈલ આઈડી આપતા તેના પર તેજસસીંગ અને સુઝલ શાહે વાત શરુ કરી હતી. જેમાં તેણે જીએમ ફોર ઈએકસ નામની કંપનીમાં રોકાણ કરેલા રૂપીયા ૧૦ ટકાના વ્યાજ સાથે બે માસમાં પરત આપવાની વાત કરી હતી. ગઠીયાની વાતોમાં આવી ગયેલા ફરીયાદીએ બેંક એકાઉન્ટમાંથી જુદા-જુદા દિવસે ઓનલાઈન તેમજ ચેકથી કુલ રૂ.૫,૫૪,૪૨૪ રૂપીયા જમા કરાવ્યા હતા. થોડા દિવસ પહેલા શંકા જતા ફરીયાદીએ રૂપીયા પરત માંગતા બંને ગઠીયાઓએ ફોન ઉપાડવાનું તેમજ મેઈલ પર રીપ્લાય કરવાનું બંધ કરી દીધુ હતું. જેથી ફરીયાદીએ ગઠીયાઓ સામે છેંતરપિંડીની ફરીયાદ નોંધાવીને ગઠીયાઓના પાંચ જેટલા ઈ-મેઈલ આઈડી અને ત્રણ જેટલા નંબરો આપતા પોલીસે તપાસનો ધમધમાટ શરુ કર્યો છે.

# સ્પેશિયલ ચિલ્ડ્રન્સ હોમના 'સાગરના હૌસલા'ને રાષ્ટ્રીય કક્ષાએ દ્વિતિય સ્થાન

## સે-૧૯ ખાતેના ચિલ્ડ્રન્સ હોમના સાગર મકવાણાના ચિત્રને દિલ્હી ખાતે હૌસલા-૨૦૧૯માં સિલ્વર મેડલ પ્રાપ્ત થયો




ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગરના સે-૧૯ ખાતેના સ્પેશિયલ ચિલ્ડ્રન્સ હોમના આશ્રિત બાળક સાગર મકવાણાએ દોરેલા પ્રવર્તમાન સ્થિતિમાં દેશમાં દિકરીઓ સાથે થઈ રહેલી દુષ્કર્મની ઘટનાઓનો પડઘો પાડતા ચિત્રને રાષ્ટ્રીય કક્ષાએ દ્વિતિય સ્થાન સાથે સિલ્વર મેડલ પ્રાપ્ત થયો છે. સાગર મકવાણાની આ સિધ્ધિના પગલે ગાંધીનગરનું નામ રાષ્ટ્રકક્ષાએ રોશન થવા પામ્યું છે.

નવી દિલ્હી ખાતે તા. ૧૮ થી ૨૧ ડિસેમ્બર દરમિયાન ભારત સરકારના મહિલા અને બાળવિકાસ મંત્રાલય તથા રાષ્ટ્રીય જન સહયોગ અને બાળ વિકાસ સંસ્થા એનઆઈએફસીઆઈડી દ્વારા સંયુકત રીતે આયોજિત કાર્યક્રમ 'હૌસલા-૨૦૧૯'માં વિવિધ સ્પર્ધાઓ તથા રમતોનું આયોજન કરાયું હતું. જેમાં દેશભરના બાળકોએ ભાગ લીધો હતો. ગાંધીનગરથી આ સ્પર્ધા માટે સેકટર-૧૯માં જે.ડી. પટેલ પ્રગતિ ફાઉન્ડેશન સંચાલિત સ્પેશિયલ ચિલ્ડ્રન્સ હોમના આશ્રિત બાળક સાગર મકવાણા જેના ચિત્રને અગાઉ રાજય કક્ષાએ પસંદ કરવામાં આવ્યું હતું તેણે ગુજરાતનું પ્રતિનિધિત્વ કર્યું હતું. સાગર મકવાણાએ દેશભરમાં સર્જાઈ રહેલી દિકરીઓ સાથેના દુષ્કર્મની ઘટનાનો પડઘો પાડતું ચિત્ર દોર્યુ હતું. જેને આ કાર્યક્રમમાં બીજા નંબરે વિજેતા તરીકે પસંદ કરવામાં આવતા સાગર મકવાણાને સિલ્વર મેડલ એનાયત કરવામાં આવ્યો હતો. સાગરે તેના ચિત્રમાં એખ બાળકીનું મ્હોં દુષ્કર્મીના હાથ પાછળથી દબાવતા હોય તેવું ભાવવાહી ચિત્ર દોર્યુ હતું. સાગરને જે.ડી. પટેલ પ્રગતિ ફાઉન્ડેશનના ચેરમેન અનુપભાઈ પરીખ સહિત સંસ્થાના તમામ હોદ્દેદારોએ અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવી હતી.

# ખાદ્ય-ખોરાક-૨૦૧૯માં કનીનિકા મહેતાની સાડા છ ફૂટ ઊંચી કેકનું આકર્ષણ જામ્યું

## ''કૂક વીથ કનીનિકા'' શિર્ષક અંતર્ગત વિવિધ સાત કેટેગરીમાં માસ્ટર કેક મેકીંગ કોમ્પિટીશન યોજાઈ




ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગરમાં સેકટર-૧૭માં એક્ઝિબીશન સેન્ટર ખાતે યોજાયેલા ''ખાદ્ય-ખોરાક-૨૦૧૯'' પ્રદર્શન દરમ્યાન ''કુક વીથ કનીનિકા'' શો અંતર્ગત માસ્ટર કેક કોમ્પિટીશનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ગાંધીનગનરા જાણીતા શેફ કનીનિકા મહેતા દ્વારા સાડા છ ફૂટ ઊંચી કેક બનાવી હતી જેની થીમ હતી ''સેવ એન્વાયરમેન્ટ'' આ કેક સહિત સ્પર્ધામાં બનાવાયેલી વિવિધ કેક મુલાકાતીઓના આકર્ષણનું કેન્દ્ર બની હતી.

''કુક વીથ કનીનિકા'' અંતર્ગત આયોજિત કેક મેકીંગ સ્પર્ધામાં વિવિધ સાત પ્રકારની કેટેગરીમાં સ્પર્ધકોએ ભાગ લીધો હતો. આ પૈકી ''કેપ કેક કોમ્પિટીશન''માં પ્રથમ સ્થાને સ્વાતિ જાની, દ્વિતીય સ્થાને સપના શાહ અને તૃતીય સ્થાને સૌરભ પાટીલ વિજેતા બન્યાં હતા. ''ક્રિમ કેક'' કેટેગરીમાં પ્રથમ સ્થાને શ્રીયા બાર્વે, દ્વિતીય સ્થાને કુસુમ રાઠોડ અને તૃતીય સ્થાને પાયલ ટેલર, ''બર્થ ડે કેક'' કેટેગરીમાં પ્રથમ સ્થાને આરસી શાહ, દ્વિતિય સ્થાને શ્વાતિ જાની અને તૃતીય સ્થાને અમી રાવલ, ''વેડિંગ કેક'' કેટેગરીમાં પ્રથમ સ્થાને શ્વેતા કનાડા, દ્વિતિય સ્થાને કવિતા ચૌહાણ અને તૃતીય સ્થાને અમીષા બારૈયા, ચોકલેટ બોક્સ કોમ્પિટીશનમાં પ્રથમ સ્થાને કૃતિ શાહ, દ્વિતિય સ્થાને માનુષી કાપડિયા અને તૃતીય સ્થાને ચક્ષુષા વોરા, ''જાર ડેઝર્ટ'' કેટેગરીમાં પ્રથમ સ્થાને ડૉલી શાહ, દ્વિતિય સ્થાને માનુષી કાપડિયા અને તૃતીય સ્થાને કૃપા કોટેચા જયારે ''કુકીઝ બોક્સ'' કેટેગરીમાં પ્રથમ સ્થાને સોનલબેન ગાંધી, દ્વિતિય સ્થાને કોમલ રાવલ અને તૃતીય સ્થાને ખુશ્બુ ચૌહાણ વિજેતા બન્યાં હતા. સ્પર્ધાના તમામ વિજેતાઓને ફિલ્મ ''સબ કુશલ મંગલ''ની અભિનેત્રી અમિષા બારૈયાના હસ્તે એવોર્ડ વિતરણ કરવામાં આવ્યું હતું.